# કચ્છ લોકસભા બેઠકની રાજકિય પરિસ્થિતિનો તાગ મેળવાયો

ગાંધીનગર, તા. ૧૯

કચ્છ લોકસભા બેઠકની સ્થાનિક રાજકીય અને સામાજીક પરિસ્થિતિનો આજે ભાજપ પ્રદેશ આગેવાનો અને કચ્છ જિલ્લાના આગેવાનોની મળેલી બેઠકમાં તાગ મેળવવામાં આવ્યો હતો.

આગામી લોકસભાની ચૂંટણી માટે ગુજરાત ભાજપ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર વિજય મેળવવા માટે અત્યારથી જ કામગીરી આરંભી દેવામાં આવી છે. ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો પરની વર્તમાન રાજકીય પરિસ્થિતિ અને સામાજીક પરિસ્થિતિનો તાગ મેળવવા માટે જિલ્લાના આગેવાનો ધારાસભ્યો સાંસદો સાથે પ્રદેશ નેતાગીરીએ બેઠકનો દોર આરંભ્યો છે. ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે મુખ્યમંત્રીના નિવાસસ્થાને પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. જેમાં કચ્છ જિલ્લાના ભાજપના આગેવાનો અને ધારાસભ્યો પાસેથી કચ્છ જિલ્લા પંચાયત તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓ પૈકી કેટલી તાલુકા પંચાયતો નગરપાલિકાઓમાં ભાજપની સત્તા છે. કુલ કેટલી બેઠકો છે તે પૈકી ભાજપ પાસે કેટલી બેઠકો છે અને કોંગ્રેસ પાસે કેટલી બેઠકો છે. કેટલી વિધાનસભા બેઠક પર ભાજપ છે અને કોંગ્રેસ પાસેથી કેટલી બેઠક છે એ અંગેની વિગતો મેળવવામાં આવી હતી.

આ ઉપરાંત કચ્છ લોકસભા મતવિસ્તારમાં જે તાલુકા પંચાયત બેઠકો પર ભાજપ નબળુ છે તે વિસ્તારોમાં ભાજપને મજબુત બનાવવા અને કોંગ્રેસના કબ્જાવાળા મત વિસ્તારોમાં વધુ ધ્યાન કેન્દ્રિત કરવા માટે જિલ્લાના સંગઠનને અને ધારાસભ્યોને માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત જિલ્લામાં ગુજરાતની ભાજપ સરકારની પ્રજાલક્ષી કામગીરી અને મેળવેલી સિદ્ધિઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવા અને કેન્દ્રની યુ.પી.એ. સરકારની નિષ્ફળતાઓ ભ્રષ્ટાચાર અને મોંઘવારીના મુદ્દાને લોકો સુધી લઈ જઈને કોંગ્રેસને ખુલ્લી પાડવા માટે પણ અનુરોધ કરવામાં આવતા હોવાનું જાણવા મળે છે.

લોકસભા બેઠકની રાજકીય પરિસ્થિતિનો તાગ મેળવવા માટે ભાજપ પ્રદેશ હોદ્દેદારોની મળેલી બેઠકમાં કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ પંકજ મહેતા, જિલ્લા મહામંત્રી અંજારના ધારાસભ્ય વાસણભાઈ આહીર, ભૂજના ધારાસભ્ય ડૉ. નીમાબેન આચાર્ય, માંડવીના ધારાસભ્ય તારાચંદ છેડા, ગાંધીધામના ધારાસભ્ય રમેશ મહેશ્વરી, રાપરના ધારાસભ્ય વાઘજીભાઈ પટેલ હાજર રહ્યા હતા.

# પોરબંદર કસ્ટોડિયલ ડેથ કેસમાં હાઈકોર્ટે વર્માની અરજી ફગાવી

અમદાવાદ, તા. ૧૯

આઈપીએસ પોલીસ અધિકારી સતીષ વર્મા દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં ફાઈલ કરાયેલી પોરબંદરના કસ્ટોડિયલ ડેથ કેસ અંગેની અરજીને કોર્ટે શુક્રવારે ફગાવી દીધી હતી. વર્માએ કરેલી અરજીમાં જણાવવામાં આવ્યું હતું કે, હાઈકોર્ટ રજીસ્ટ્રી અને રાજ્ય સરકાર દ્વારા અપાયેલા ખોટા ઈનપુટ બાદ આ કેસમાં ફરીથી તપાસ કરવા માટેના આદેશ આપવામાં આવ્યા છે, જેની કોર્ટે નોંધ લેવી જોઈએ.

નોંધનીય છે કે ઈશરત જહાં એન્કાઉન્ટર કેસની સઘન તપાસ કરનાર પોલીસ અધિકારી સતીષ વર્મા પર સરકાર તદ્દન નારાજ હતી અને જેને લઈને તેમના વિરુદ્ધ આ કેસ ઉભો કરવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૯૬-૯૭ માં કસ્ટોડિયલ ડેથના ત્રણ બનાવો પોરબંદર ખાતે બન્યાં ત્યારે વર્મા પોતે ડિસ્ટ્રિક્ટ સુપ્રીડન્ટ ઓફ પોલીસ (ડીએસપી) ના પદ ઉપર હતાં. ઉલ્લેખનીય છે કે, જસ્ટિસ અનંત દવે દ્વારા પોરબંદર કસ્ટોડિયલ ડેથની ફરીથી તપાસ થાય તે અંગેના આદેશ આપવામાં આવ્યા હતા પરંતુ આ તપાસ બાદ આ કેસના આઈજીપી હિરાલાલને આ કેસમાં હાઈકોર્ટ દ્વારા અપાયેલા કલયુ સંદર્ભે કોઈ પણ પ્રકારની માહિતી પ્રાપ્ત થઈ નહોતી. વર્ષ ૨૦૧૧માં મૃતકના એક ભાઈ હિરાલાલ સિહાઈ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં યોગ્ય તપાસ થાય તે અંગેની એક અરજી કરવામાં આવી હતી. નોંધનીય છે કે આ અરજી વર્ષ ૧૯૯૯માં કરાઈ હતી. આઈપીએસ ઓફિસર હિરાલાલ દ્વારા આ કેસમાં તપાસ અંગેનો રિપોર્ટ ફાઈલ ન કરાતા હાઈકોર્ટે આ કેસની ફરીથી તપાસ થાય તે અંગેનો આદેશ આપ્યો હતો.

## શહેરોમાં પાણીનું વિતરણ વધુ સઘન, મજબુત કરાશે

ગાંધીનગર, તા.૧૯

પાણી પુરવઠા રાજ્યમંત્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યું હતું કે રાજ્યના શહેરી વિસ્તારના શહેરીજનોને નિયમિત અને પુરતા પ્રેશરથી પાણી મળી રહે તે માટે શહેરી વિસ્તારોમાં પાણીની વિતરણ વ્યવસ્થા વધુ સઘન અને મજબુત બનાવવામાં આવશે.

પાણી પુરવઠા બોર્ડની કચેરીની મુલાકાતે આવેલ મંત્રી વાનાણીએ બોર્ડમાં ઉચ્ચ અધિકારીઓ સાથે તબક્કાવાર બેઠક યોજી હતી અને સમગ્ર રાજ્યના ૧૮૦૦૦ જેટલા ગામડાઓમાં અને શહેરી વિસ્તારોમાં પાણી પહોંચાડના તંત્રની કામગીરીથી વાકેફ થઈને માહિતી મેળવી હતી.

પાણી પુરવઠા તંત્રની કામગીરીને બિરદાવવા મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે નર્મદાનું પાણી કચ્છા જિલ્લાના છેવાડાના ગામડા સુધી પહોચાડવાનું અદભૂત કૌશલ્ય પાણી પુરવઠા બોર્ડના ઈજનેરોએ બતાવ્યું છે તે પ્રશંસનીય છે. આ તબક્કે મંત્રીએ ઉંડાણના વિસ્તારમાં આવેલ ગ્રામજનોની અપેક્ષાઓ સંતોષવા અધિકારીઓ વધુ કાર્યક્ષમતાથી કામ કરે તેવી આશા વ્યક્ત કરી હતી.

# ભાજપના ચૂંટણી પ્રચાર માટે ૨૦ પેટા સમિતિઓ રચાઈ

નવી દિલ્હી,તા.૧૯

તમામ મતભેદો વચ્ચે કલાકોની ખેંચતાણ બાદ ભાજપ સંસદીય બોર્ડે પક્ષની ચૂંટણી પ્રચાર સમિતિઓની જાહેરાત કરી દીધી હતી. ચૂંટણી પ્રચાર સમિતીનું નેતૃત્વ નરેન્દ્ર મોદી કરશે. આ તમામ સમિતિઓ પાસે જુદી જુદી જવાબદારી રહેશે. કોને કઈ જવાબદારી સોંપવામાં આવી છે તે નીચે મુજબ છે.

**તમામ ચૂંટણી પ્રચાર સમિતિના વડા**
નરેન્દ્ર મોદી

**ચૂંટણી ઢંઢેરા સમિતિ**
મુરલી મનોહર જોષી, જશવંતસિંહ, યશવંત સિંહા, પ્રેમકુમાર ધુમલ, સત્યપાલ, બંદારુ દતાત્રે, મહેશચંદ્ર શર્મા, સન્મુખ નાથન

**વિઝન ડોક્યુમેન્ટ**
નીતિન ગડકરી, પ્રોફેસર હરિબાબુ

**પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા કેમ્પેઈન**
સુષ્મા સ્વરાજ, અરૂણજેટલી, અમિત શાહ, સુધાંશુ ત્રિવેદી

**સોશિયલ નેટવર્કીંગ**
પિયુષ ગોયલ

**વિશેષ સંપર્ક સમિતિ**
નીતિન ગડકરી, સીપી ઠાકુર, જેકે જૈન, મૃદુલા સિંહા, કાલરાજ મિશ્રા, કિરણ માહેશ્વરી

**નવા વોટર ઉમેરનાર સમિતિ**
અમિત શાહ, નવજોત સિદ્ધુ, પુજા મહાજન, ત્રિવેન્દ્ર રાવત

**નોર્થ ઈસ્ટ વિશેષ અભિયાન**
એસએસ આહલુવાલિયા, તાપિરગાવ, પદ્મનાભ આચાર્ય, કિરણરિજિજુ

**દિલ્હી વિધાનસભા ચૂંટણી**
નીતિન ગડકરી,

**ઓનલાઈન પ્રચાર**
પિયુષ ગોયલ

**નેતાઓની રેલી**
અનંતકુમાર, વરુણ ગાંધી

**યુપીએ સામે ચાર્જશીટ કરનાર ટીમ**
રવિશંકર પ્રસાદ, ગોપીનાથ મુંડે, આરતી મહેરા, કિરીટ સોમૈયા, નિર્મલા સિતારામન, મિનાક્ષી લેખી

**બૌદ્ધિક કાર્યક્રમ સમિતિ**
રાજીવ પ્રતાપ રૂડી, પ્રકાશ જાવડેકર, તમિલી શાહી

**પ્રચાર સામગ્રી સમિતિ**
બલબીર પુંજ, પ્રભાત ઝાં, વિનય

**દરેક બૂથ પર સંમેલનની સમિતિ**
થાવરચંદ ગહેલોત, જેપી નડ્ડા, પુરષોત્તમ રુપાલા, વિનોદ પાંડે, એલ ગણેશન

**કેન્દ્રિય ચૂંટણી સમિતિ**
અડવાણી, વાજપેયી, રાજનાથ સિંહ અને અન્ય ૧૧

**કાયદાકીય મામલાઓ**
સત્યપાલ જૈન, ભુપેન્દ્ર યાદવ, પિન્કી યાદવ

**લોજિસ્ટિક સંકલન સમિતિ**
મુખ્તાર અબ્બાસ નકવી

**સોફ્ટવેર સમિતિ**
રાજીવપ્રતાપ રૂડી, સુધા યાદવ, રૈનુ કુસવાહ

## કંપની સમાચાર

### એકલી નોકરી કરતી સ્ત્રીમાંથી ફક્ત ૧૮ ટકા જ પોતાનો રોકાણ નિર્ણય લે છે : ડીએસપી બ્લૅકરોક અધ્યયન

નોકરી કરતી અને નોકરી ન કરતી સ્ત્રીઓમાં એકલીએ નિર્ણય લેવાનું પ્રમાણ વિધવા અને છૂટાછેડા લીધેલી સ્ત્રીઓની સંખ્યા નોંધનીય છે. રોકાણ નિર્ણયો લેવા માટે અધધધ ૭૭ ટકા નોકરિયાત સ્ત્રી તેના જીવનસાથી અને અથવા વાલી પર આધાર રાખે છે, એમ વૈશ્વિક સંશોધન સંસ્થા નીલસેન દ્વારા યોજાયેલા નવા ડીએસપી બ્લેકરોક અધ્યયનમાં તારણ નીકળ્યું છે. સર્વેક્ષણ કરેલી નોકરિયાત સ્ત્રીમાંથી ફકત ૨૩ ટકાએ જ દાવો કર્યો હતો કે પોતાના રોકાણોનો નિર્ણય લેવાની વાત આવે ત્યારે તેઓ એકલી તે લે છે. આ આંકડો પોતાનો રોકાણ નિર્ણય લે તેવી એકલી નોકરિયાત સ્ત્રીઓના પ્રમાણની બાબતમાં ૧૮ ટકા જેટલો ઓછું છે.

અધ્યનને અંડસ્ટેન્ડિંગ વુમન- યુસેજ એન્ડ એટિટયુડ ટુવર્ડસ ફાઈનાન્શિયલ પ્રોડકટ વામ અપાયુંહતું. ભારતભરમાં નાણાકીય યોજનાઓ પ્રત્યે સ્ત્રી દ્વારા કરાતો ઉપયોગ અને વલણને સમજવા માટે ૧૪ શહેરો (૬ મેટ્રો શહેરો અને ૮ નોન- મેટ્રો શહેર)ની ૪૭૫૦થી વધુ સ્ત્રીઓને સર્વેક્ષણમાં આવરી લેવાઈ હતી. આ અધ્યયન ડીએસપી બ્લેકરોકની વિન્વેસ્ટર- ધ વાઈઝ વુમન ઈન્વેસ્ટર પહેલનો ભાગ છે, જેમાં સ્ત્રીનું નાણાકીય યોજનાઓ પ્રત્યે વલણ અને અપેક્ષાઓ ઉપરાંત તેમને રોકાણ નિર્ણય લેવાથી કયા પરિબળો દૂર રાખે છે અથવા તેઓ તે લઈ શકે તેનું પરીક્ષણ કરાયું હતું. ખાસ કરીને ૨૧-૬૦ વય વર્ષ વચ્ચેની નોકરિયાત અને બિન નોકરિયાત સ્ત્રીઓને તેમાં આવરી લેવાઈ હતી. જેમાં વિધવાઓ અને છુટાછેડા લીધેલી સ્ત્રીઓનો પણ સમાવેશ થતો હતો.

### ડીકેએનવાય ન્યુડ કલેકશનની રજૂઆત

મહિલાઓની અદ્‌ભુત સ્ટાઈલ અને ડિઝાઈન્સની ઝંખનાનો સચોટ જવાબ એટલે ડીકેએનવાય ન્યુડ કલેકશન. નાજુક અને આરામજનક એવા આ ટાઈમપિસીઝ આધુનિક મહિલાઓનું સ્ટાઈલ સ્ટેટમેન્ટ છે.

**NY88767** ટાઈમપીસમાં ત્રણ બ્લેક ડાયલ છે અને ફિનિશ સ્ટેનલેશ સ્ટીલ કેસીંગ છે. હળવા વજનનું અને ફલેકસીબલ વ્હાઈટ લેધર સ્ટ્રેપ શાલિનતા અને સુગમતા પ્રદાન કરે છે.

**NY8820** તે સિલ્વર અને ન્યુડ સિરામિક એમ બે ટોન બ્રેસલેટમાં પોલીસ્ડ થયેલો છે. આવી જ રીતે **NY8783** પણ ભવ્ય છે અને પોલીશટ સ્ટેનલેસ સ્ટીલ કેસીંગ અને ન્યૂડ લેધર સ્ટ્રેપ્સ ધરાવે છે.

**NY8801**મોડલ રાઉન્ડ શેપ સિલ્વર કેસીંગ ધરાવે છે અને આઈકોનિક ડીકેએનવાય લોગો ધરાવે છે.

રૂા. ૪૪૯૫ અને તેથી વધુ કિંમતમાં ઉપલબ્ધ ડીકેએનવાય ન્યુડ કલેકશન ભારતનાં ટોચનાં સ્ટિલ આઉટલેટ્સ જેવા કે શાપર્સ સ્ટોપ, લાઈફસ્ટાઈલ, હેલિયોસ, ઈથોઝ, જસ્ટ ઈન વોગ અને અન્ય ટોચના સ્ટોર્સમાં ઉપલબ્ધ છે.

# સાબરકાંઠાના સ્વામી વિવેકાનંદ યુવા અને મહિલા મંડળની સક્રિય સહયોગ શિબિર યોજાઈ

હિંમતનગર, તા. ૧૯

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગર ઉપક્રમે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે સ્વામી વિવેકાનંદ યુવા અને મહિલા મંડળની સક્રિય શિબિર રમતગમત અને યુવા સાંસ્કૃતિક મંત્રીશ્રી રમણલાલ વોરાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

મંત્રીશ્રી રમણલાલ વોરાએ સક્રિય શિબિરમાં ઉપસ્થિત યુવક અને મહિલા મંડળના પ્રમુખોને સંબોધતા જણાવ્યું હતું કે, રાજ્યની યુવાપેઢી સશક્ત બને તે માટે સમગ્ર રાજ્યમાં સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રોની રચના કરવામાં આવી છે. યુવાનો ખેલકૂદના માધ્યમથી ખેલદીલીની ભાવના વધુ પ્રબળ બને તેવો આશય રાજ્ય સરકારનો છે. સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી રાજ્યભરમાં થઈ રહી છે ત્યારે ગામડાના યુવાનોમાં વિવેકાનંદના વિચારધારાને પહોંચાડવા સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્રો આધાર સ્તંભ બની રહેશે તેવી આશા વ્યક્ત કરી હતી. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોમાં મહિલા મંડળો વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની સુવાસ મહેકાવે છે. જેને વધુમાં સક્રિય રીતે ફેલાવો થાય એ જરૂરી છે.

મંત્રીશ્રીએ સ્વામી વિવેકાનંદ મંડળની પ્રવૃત્તિઓને અસરકારક બનાવવાની વાત કરતા જણાવ્યું હતું કે જિલ્લામાં મેડિકલ કેમ્પ, રક્તદાન કેમ્પ સહિતની સેવાકીય અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ કે શાળા આરોગ્ય, કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ હોય કે વન મહોત્સવ સહિતના કાર્યક્રમમાં જોડાઈને વધુમાં વધુ લોકોને લાભ અપાવી સરકાર અને પ્રજા વચ્ચે સેતુની ભૂમિકા ભજવે તે જરૂરી છે.

આ પ્રસંગે યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગના કમિશ્નર શ્રી રાજેશ મંજુએ આગામી સમયમાં આવનારા સુધારા વિષે જણાવતા કહ્યું હતું કે, હવેથી પ્રાથમિક શાળાના બાળકો પણ ખેલ મહાકુંભમાં ભાગ લઈ શકશે. ગ્રામ્ય કક્ષાએ ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવશે. જેમાં મહિલાઓને પણ સામેલ કરવામાં આવશે. આ શિબિરમાં સ્પોર્ટસ ઓથોરીટીના ડાયરેક્ટરશ્રી પ્રધાને પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યુ હતુ. આ સક્રિયતા શિબિરમાં સ્પોર્ટસ યુનિવર્સિટીના કુલપતિ શ્રી જતીન સોની, નાયબ સચિવ શ્રી પ્રજાપતિ, કલેક્ટરશ્રી બંછાનિધિ પાની, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નાગરાજન, જિલ્લા અગ્રણીશ્રી પૃથ્વીરાજભાઈ પટેલ, સ્વામી વિવેકાનંદ યુવક અને મહિલા મંડળના પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સૌથી વધુ રોજગારી ગુજરાતમાં

## ઉદ્યોગગૃહો તેમજ પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા સમજૂતિ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત રોજગારી આપવાના મામલામાં દેશમાં સૌથી આગળ નીકળી ગયુ છે. અલબત્ત આ સંબંધમાં આંકડા જારી કરવામાં આવ્યા નથી પરંતુ આ મુજબની વાત ફરી એકવા સપાટી પર આવી છે. ગુજરાત ઉપર પહેલાથી જ સમગ્ર વિશ્વીની નજર રહી છે.

અનેક મોટી કંપનીઓ ગુજરાતમાં આવવા માટે હજુ પણ ઉત્સુક છે. ઉદ્યોગની માંગને અનુરૂપ રાજ્યના યુવાનોમાં કૌશલ્ય નિર્માણના ધ્યેય સાથે રાજ્ય સરકારે અનેકવિધ પગલાં ભર્યાં છે. સતત છ વાઈબ્રન્ટ સમીટને કારણે ગુજરાતે ઔદ્યોગિક વિકાસ દ્વારા સમગ્ર વિશ્વનું ધ્યાન પોતાના તરફ ખેંચ્યું છે. આવા સંજોગોમાં ઉદ્યોગોને જરૂરી કૌશલ્યવાન માનવ બળ પણ રાજ્યમાં ઉપલબ્ધ થાય તે માટે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આ રાજ્ય સરકારે આગોતરૂં આયોજન કર્યુ છે. આ આયોજનના ભાગરૂપે ઉદ્યોગોને અનુરૂપ કૌશલ્યવાન માનવબળ ઉપલબ્ધ થઈ શકે તે માટે ગુજરાતની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ દ્વારા રાજ્યના પ્રતિષ્ઠિત ઉદ્યોગગૃહો સાથે વિવિધ સમજૂતી કરારો કરવામાં આવે છે. આવા સમજૂતી કરારોને રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રી સૌરભ પટેલે રાજ્યની ગૌરવપ્રદ ઘટના ગણાવી હતી.

આજે ગાંધીનગર ખાતે દેશના પ્રતિષ્ઠિત ઉદ્યોગગૃહો ટાટા મોટર્સ અને રોયલ એન્ફિલ્ડ ઉપરાંત આઈઆઈટી મુંબઈ અને ધી ગુજરાત ગામેન્ટ મેન્યુફેકચર્સ એસોસીએશન અને ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ અને રાજ્યની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ વચ્ચે વિવિધ પ્રકારના કૌશલ્ય વર્ધન તાલીમ અભ્યાસક્રમો શરૂ કરવા માટે રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રીની ઉપસ્થિતિમાં સમજુતી કરારો કરવામાં આવ્યા હતા.

## હજુ રડાવશે...

● છેલ્લા પાનાનું ચાલુ

વધારો થાય છે. કાઠીયાવાડ અને નાસીકથી ડુંગળી આવે છે. એટલે દર વર્ષે ચોમાસાની સિઝનમાં ભાવ વધવા પામે છે. ભાવ ઘટે તો ડુંગળીનું વેચાણ વધુ થાય માટે ડુંગળીનો ભાવ ચોક્કસ ઘટવો જોઈએ તેમ જણાવાયું હતું. જ્યારે શહેરની હોટલોમાં પણ ડુંગળી સલાડની પ્લેટમાંથી ભાવ વધતા અદ્રશ્ય થઈ ગઈ છે. માત્ર જરૂર પુરતી જ ડુંગળી ગ્રેવી માટે હોટલવાળા લઈ જાય છે. ત્યારે આમ નાગરિકોને ડુંગળીના ભાવ રડાવી રહ્યા છે. અને લોકોના રસોડામાંથી ડુંગળી જાણે અદ્રશ્ય થઈ ગઈ છે. ડુંગળી વિના ન ચાલતુ હોય તેવા વ્યક્તિઓને પણ ભાવ સાંભળતા જ ડુંગળી કડવી લાગવા માંડી છે. ડુંગળીને લીધે તીખી મસાલેદાર સ્વાદિષ્ટ બનતી વાનગી પણ હવે જાણે તેના વગર ફિક્કી લાગે છે.

નિષ્ણાતો કહે છે કે ગત વર્ષે દુષ્કાળને કારણે ડુંગળીનું ઉત્પાદન ઘણુ ઓછુ થયુ હતુ. જેની અસર અત્યારે વર્તાઈ રહી છે. માલમાં ઘટાડો થતા સપ્લાય ઓછી છે અને ડીમાન્ડ ચાલુ રહેતા ભાવો વધ્યા છે. સામાન્ય રીતે જુન માસમાં ડુંગળીનું વાવેતર થાય છે અને તે માલ સપ્ટેમ્બરમાં આવે છે. નવો માલ મહિના-દોઢ મહિના પછી આવવાનો શરૂ થાય ત્યાં સુધી ભાવો આવા જ ઉંચા રહેશે. ગુજરાતની ડુંગળીનો નવો સ્ટોક નવેમ્બર માસના મધ્યમાં શરૂ થતો હોય છે. તે પૂર્વે ઓગષ્ટ માસમાં કર્ણાટક અને તામિલનાડુથી ડુંગળી આવે છે. તે માલ આવે પછી ભાવોમાં નિયંત્રણ આવશે. ત્યાં સુધી તો ડુંગળી ગૃહિણીઓને રડાવશે જ.

## જન્મદિન નહીં ...

● છેલ્લા પાનાનું ચાલુ

ભારતવાસીઓ મોતના મુખમાં ધકેલાઈ ગયા છે. ગુજરાતના લગભગ ૧૨૫ પરિવારોના સદસ્યો હજુ લાપતા છે. ઉત્તરાખંડ સરકાર સહીત ભારત સરકારે આ લાપતા લોકોને શોધવાનો પ્રમાણિકપણે પ્રયત્ન કર્યો હોવા છતાં તેમની ભાળ મળી નથી. લાપત્તા બનેલા ગુજરાતીઓના પરિવારોના સદસ્યો હજુ તેમના સ્વજનોની રાહ જોઈ રહ્યા છે. મૃત્યુની ચાદર ઓઢીને સુઈ ગયેલા અનેક મૃતકોના પરિવારોના ઘરમાં કલ્પાંત થઈ રહ્યા છે એવી પરિસ્થિતિમાં જો હું અસંવેદનશીલ બનીને મારા જન્મદિવસની ઉજવણી કર, તો મારો લોકધર્મ લાજે. આપ સૌએ મારા સુખ-દુઃખને પોતાના ગણ્યા હોય, ત્યારે ગુજરાતીઓના માથે તુટી પડેલી આ વિકટ પળોમાં જો એમના દુઃખમાં સાથ ન આપુ, તો નગુણો ગણાઉ. મારુ ઝમીર મને મારા જન્મદિવસની ઉજવણી કરતા રોકે છે.

જેને હું મારી હાઈકમાન્ડ ગણુ છું એ પ્રજા માતમ મનાવતી હોય ત્યારે મારાથી કોઈપણ પ્રકારની ઉજવણી ન થાય એ વાત સાથે આપ સંમત થશો એવો મને વિશ્વાસ છે. આ વર્ષે ૨૧મી જુલાઈ, મારા જન્મદિવસે આપને સૌને મારી શુભેચ્છાઓ આપીને ગુમ થયેલા તમામ ગુજરાતી પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરીને મારા નિવાસસ્થાને આ દિવસે યોજાતો કાર્યક્રમ રદ કરવામાં આવે છે. સાથોસાથ પ્રભને પ્રાર્થના કરૂ છું કે ઉત્તરાખંડ ખાતે મૃત્યુ પામેલા મારા દેશબાંધવોને પ્રભુ મોક્ષગતિ પ્રદાન કરે તથા લાપત્તા બનેલા સૌ ગુજરાતી બાંધવો સહીસલામત સ્વ-ગૃહે પરત ફરે. આપ સૌના આશીર્વાદ તથા શુભેચ્છાઓ મારી સાથે હતી, છે અને રહેશે એવો મને વિશ્વાસ છે.

## અન્ડરપાસનું...


● છેલ્લા પાનાનું ચાલુ

તબક્કાવાર હાથ ધરવામાં આવે છે. શહેરમાં છેલ્લા એક દાયકામાં વાહનોની સંખ્યામાં પણ હજાર ઘણો વધારો થયો છે. ત્યારે શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફીકનું પ્રમાણ વધ્યું છે. આવા સંજોગોમાં ભાવિ સમયમાં ટ્રાફિક જામના દ્રશ્યો ન સર્જાય તેમજ રોડ સેફટી જળવાય તે માટે રોડ નેટવર્કને વધુ સલામત બનાવવા પૂર્વ આયોજન કરવામાં આવી રહ્યું છે. શહેરના મધ્ય વિસ્તારમાં ગ-૪ થી ચ-૪ સુધીના બેલ્ટમાં સ્વર્ણિમ પાર્કનું કામ પ્રગતિ હેઠળ છે જેમાં અત્યાર સુધી ગ-૪ થી ઘ-૪ વચ્ચે પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે.જયારે બીજા તબક્કાની કામગીરી દરમિયાન ઘ-૪ થી ચ-૪ વચ્ચે પણ ટૂંકમાં સ્વર્ણિમ પાર્કની યોજનાનું કામ આગળ વધારાશે.

બીજી તરફ શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કના લીધે મુખ્યમાર્ગો પર ટ્રાફીકની અડચણનો પ્રશ્ન ન ઉદભવે તેવા આશયથી અન્ડરપાસ બનાવવાનો પ્રોજેકટ હાથ ધરવામાં આવનાર છે.

જોકે સ્વર્ણિમ પાર્કનું કામ પૂર્ણ થયા બાદ આ યોજના સંદર્ભે આગળનું આયોજન કરવામાં આવશે. જે અન્વયે તબક્કાવાર 'ઘ' 'ચ' અને 'ગ' માર્ગ પર અન્ડરપાસ બનાવવા આખરી આયોજન કરાશે.

## શબ્દાવલી - ૫૧૨૪



### આડી ચાવી

૧. બીજાના કાર્યમાં વિઘ્ન આવે તે જોઈ ખુશ થનાર વ્યક્તિ (૫)
૪. વિચાર (૨)
૬. એક હિન્દી ફિલ્મ (૨)
૭. ... રકાબી, પ્યાલો (૨)
૮. સોનું, કંચન (૩)
૧૧. જંગલ (૨)
૧૩. તિરાડ (૨)
૧૪. ક્ષણ, સમયનો એક ભાગ (૨)
૧૫. લાગવગ, ઓળખાણ (૨)
૧૮. તલ્લીન, કાર્ય... (૨)
૧૯. લાંબી ડોકવાળુ ચોપગુ પ્રાણી (૩)
૨૧. વાળ જેવી પાતળી તિરાડ (૩)

### ઊભી ચાવી

૧. બ્રાહ્મણ, ભુદેવ (૨)
૨. ચિંતા (૩)
૩. વજન કરવું, ... કરવો (૨)
૫. એક તેજાનાનું લાકડુ (૨)
૭. હેરાનગતિ (૫)
૮. નવું પાન ઉગે તેને... કહેવાય (૩)
૯. દિલ, હૃદય (૨)
૧૦. પુષ્પ... માં બધા સોનું-ચાંદી ખરીદે (૩)
૧૧. રાતે, મધરાતે ગમે ત્યારે (૫)
૧૨. જીતી ન શકાય તેવું (૫)
૧૬. ચોખ્ખું (૨)
૧૭. પાણીની ચામડીની થેલી (૩)
૨૦. બુમ, ચીસ (૨)

### શબ્દાવલી ૫૧૨૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગતાગમ (૬) ગરમ (૭) ખરેખર (૯) લુઆ (૧૧) કસ (૧૩) કડી (૧૪) ખપ (૧૬) વિકરાળ (૧૭) અસર (૧૮) વરો (૧૯) વિકાસ (૨૧) કલમ (૨૨) બાવળ (૨૩) તલાશ

**ઊભી ચાવી :-** (૧) ગગન (૨) તાર (૩) ગમલુ (૪) ખારેક (૫) ખાર (૮) ખસખસ (૧૦) આકળવિકળ (૧૨) આકરો (૧૫) પરવરીશ (૧૬) વિવશ (૧૭) અસમત (૨૦) કાલ





